## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




પક્ષમાં જોડાયા પછઈ એવુ લાગ્યુ કે... આના કરતા જેલ વાળો ઓપ્શન વધુ સારો હતો...!!

# સેક્ટર-૧૧ એસટી ડેપોની પાછળથી બે યુવકો ગેરકાયદેસર હથીયાર સાથે ઝડપાયા

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર-મહેસાણામાં છેડતી, ખુન, ખુનની કોશીષ તેમજ રાયોટીંગના અલગ અલગ ગુન્હામાં પકડાયેલા આરોપીઓને સેક્ટર-૧૧ એસટી ડેપોની પાછળ રામલીલા મેદાન તરફ જતા માર્ગ પાસેથી બે શખ્સોને ગેરકાયદેસર હથીયાર તમંચો (કટ્ટુ) અને પીસ્ટલ (મેગેઝીન સહિત) તેમજ એક જીવતા કારતુસ મળી કુલ રૂ.૧૩ હજારથી વધુના મુદ્દામાલ સાથે પકડી પાડી બે શખ્સો સામે એલસીબી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.




સુત્રો દ્વારા મળતી વિગત મુજબ એલસીબી પીઆઈ એચ.પી.ઝાલાની ટીમના પીએસઆઈ ડી.એસ.રાઓલ અને સ્ટાફના જવાનો પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન હેડ કોન્સ્ટેબલ અનુપસિંહ બળવંતસિંહ અને કોન્સ્ટેબલ અનોપસિંહ બળવંતસિંહને સંયુકત રીતે બાતમી મળી હતી કે સેક્ટર-૬ માં રહેતો ગૌરવ રાજેશભાઈ વાઘેલા જે લાંઘણજ પોલીસ મથકમાં રાયોટીંગ વીથ આર્મસ એકટના ગુનામાં નાસતો ફરે છે. જે પોતાની પાસે હથીયાર (દેશી તમંચો) રાખે છે. હાલ તે તેના મિત્ર બ્રિજેશ ભરત સોલંકી સાથે સેક્ટર-૧૧ પથિકાશ્રમ હોટલ-એસટી ડેપો થી રામલીલા મેદાન તરફ જતા રોડની સાઈડમાં ઉભા રહ્યા છે.

એલીસીબી પોલીસે માહિતીને પગલે ઉપરોકત જગ્યાએથી ગૌરવ રાજેશભાઈ કાન્તીભાઈ વાઘેલા (રહે. ૫૯૬-૨ સેક્ટર-૬બી ગાંધીનગર, મુળ રહે-વડસ્મા તાજી-મહેસાણા), ને પકડી પાડયો હતો. ત્યારબાદ તેની અંગજડતી લેતા તેની કમરના ભાગેથી એક દેશી તમંચો મળી આવ્યો હતો. જયારે બ્રિજેશ ભરત સોલંકી (રહે. પ્લોટ નં.૫૩૦-૧ સેક્ટર-૭બી, મળુ રહે- દેકાવાડા તા.જી. મહેસાણા) હોવાનું જણાવ્યું હતું. પોલીસે અંગજડતી લેતા કમરના ભાગે એક લેથ મશીનકટ પિસ્ટલ (મેગેઝીન સહિત) તેમજ લોઅરના ખિસ્સામાંથી એક જીવતો કારતુસ મળી આવ્યો હતો. પોલીસે હથીયાર રાખવા અંગે પાસ પરમીટ માંગતા ગલ્લા તલ્લા કરવા લાગ્યા હતા અને પોતાની પાસે ન હોવાનું જણાવ્યું હતું. જેથી પોલીસે બંન્ને હથીયાર તેમજ કારતુસ કબ્જે કર્યા હતા.

એલસીબી પોલીસે ગૌરવ રાજેશભાઈ વાઘેલાને દેશી તમંચો (કટ્ટુ) વિશે પુછતા તેણે આજથી સાત માસ અગાઉ તેના ટીંટોડા ખાતે રહેતા મિત્ર અશોકજી નાથાજી ઠાકોરે યુ.પી.ના કોઈ બીલ્લુ પાસેથી રૂ.૧૦ હજારમાં ખરીદ્યો હતો. જયારે આ તમંચો પોતાની પાસે રાખતો હોવાનું જણાવ્યું હતું. જયારે પીસ્ટલ અને કારતુસ અંગે બ્રિજેશ ભરત સોલંકીને પુછતા તેણે જણાવ્યું હતું કે તેનો મિત્ર રાજુ રાઠોડ (રહે.ઉતરપ્રદેશ) પાસેથી અંદાજે ચાર વર્ષ અગાઉ રૂ.૨૫ હજારમાં ખરીદી કરી હોવાની હકીકત કહી હતી. એલસીબી પોલીસે તમંચો રૂ.૩ હજાર, પીસ્ટલ રૂ.૧૦ હજાર અને કારતુસ નંગ-૧ રૂ.૧૦૦ મળી કુલ રૂ.૧૩,૧૦૦ નો મુદ્દમાલ કબ્જે કરી બે આરોપીઓ સામે આર્મસ એકટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## સાદરા સંકુલમાં વિશ્વ પર્યાવરણ દિવસ ઉજવાયો




ગાંધીનગર, તા. ૭

ગૂજરાત વિદ્યાપીઠ મહાદેવ દેસાઈ ગ્રામ સેવા સંકુલ સાદરામાં આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે સેવક જગદીશ પરીખના જન્મ દિવસ પ્રસંગે વૃક્ષારોપણ કરી જન્મ દિવસની અને પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. સંકુલના સંયોજક રમેશભાઈ પટેલના માર્ગદર્શન મુજબે ફળાઉ વૃક્ષનો ઉછેર કરવાનો સંકલ્પ કરતાં રસ જાંબુના છોડનું રોપણ કરી પાણીનું સિંચન કરી વાડોલીયું કરી રસ જાંબુના છોડના જતન સાથે ઉછેર કરવાની જવાબદારી જન્મ દિવસની ઉજવણકર્તા જગદીશ પરીખને સોંપવામાં આવી. આવી રીતે પ્રત્યેક વ્યક્તિ પોતાની જન્મતિથિએ એક વૃક્ષ વાવવાનો નિર્ધાર કરવો જોઈએ તો પર્યાવરણ હર્યુભર્યુ બનવામાં જન ભાગીદારીનું ઉદાહરણ મળશે. સંકુલના સૌ સેવકોએ આ વૃક્ષારોપણ કાર્યક્રમમાં હર્ષભેર ભાગ લીધો હતો. વિશ્વ પર્યાવરણ દિન ઉજવણી વૃક્ષારોપણ સાથે જન્મ દિવસ ઉજવણી વૃક્ષારોપણ સાથે અને વન ભોજન સાથે ઉજવવાનું અનોખું ઉદાહરણ સંકુલ સાદરાએ પુરૂ પાડ્યું હતું.

## ચિલોડા સેવા કેન્દ્ર ખાતે ૫મી જૂન પર્યાવરણ દિવસ ઉજવાયો



ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર તાલુકાના ચિલોડા સેવા કેન્દ્ર પર ૫મી જૂન વિશ્વ પર્યાવરણની ઉજવણી અંતર્ગત જિલ્લાના યોગા કો. ઓર્ડીનેટર ભાવનાબેન જોશી અને યોગાચાર્ય યોગેશ જણસારીએ પર્યાવરણ વિશે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. માનવ શરીરના વિવિધ ભાગોમાં કુદરતી આર્યુવેદિક ઔષધીઓ વિશેનો પરિચય આપ્યો હતો. આ પ્રસંગે પી.એલ.વી. નટુભાઈ પટેલે પ્રાસંગિક પ્રવચનમાં વૃક્ષોનું પર્યાવરણ અને આર્થિક મહત્વ તેમજ પર્યાવરણની સુરક્ષા અંગે રાજસ્થાનના એક ગામમાં વૃક્ષપ્રેમી બિશ્નોઈ પરિવારો દ્વારા વૃક્ષોને બચાવવા આંદોલન કર્યુ હતુ અને ચીપકો આંદોલન દ્વારા વૃક્ષો પ્રત્યેનો ભાવ વ્યકત કર્યો હતો. પર્યાવરણને નુકસાનકર્તા પરીબળોમાં વૃક્ષો જ એક માત્ર ઉપાય છે. વૃક્ષમાં વાસુદેવ અને છોડમાં રણછોડનો મહિમા વર્ણાવ્યો હતો. આ પ્રસંગે ચિલોડાના મંડળીના મંત્રી જયંતિભાઈ જે. પટેલ, અરૂણ પાંડે, બી..એસ.એફ. આસિસ્ટન્ટ કમાન્ડન્ટ, બી.કે. રાજયોગિની તારાદીદી, યોગાચાર્ય યોગેશ જણસારીના હસ્તે વૃક્ષારોપણ કર્યુ હતુ. આ પ્રસંગે ઉપસ્થિત સર્વેજનોએ એક વૃક્ષ-એક વ્યક્તિ, એક વિશ્વ અંતર્ગત વૃક્ષ વાવવાનો સંકલ્પ નિર્ધાર કર્યો હતો.

## સેક્ટર-૩૦ શોંપીગ સેન્ટરમાં દુકાનનું તાળુ તુટ્યું : સોપારી-સીગારેટની ચોરી

ગાંધીનગર, તા.૭

શહેરના સેક્ટર-૩૦ મેઈન શોંપીગ સેન્ટરની બ્રહ્માણી પાન મંદિર નામની દુકાન નું તાળુ તોડી ચોર શખ્સોએ ત્રણ કિલો સોપારી, ૧૫ પેકેટ ગોલ્ડ ફલેક, ત્રણ પેકેટ કલાસીક માઈલ્ડ સીગારેટ, ત્રણ પેકેટ એડવાન્સ, અને ૧૦ પેકેટ વિલ્સ મળી કુલ રૂ.૭ હજારથી વધુનો મુદ્દામાલની ચોરી થવા પામી છે. દુકાનનુ તાળુ તુટતા સ્થાનિક વેપારીઓમાં ભય પ્રસરી ગયો છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પેથાપુર કિર્તીરાજ સોસાયટી મકાન નં.૪ ડી ખાતે રહેતા દિનેશભાઈ પરષોતમભાઈ પ્રજાપતિ પોતાના પરિવાર સાથે રહે છે.દિનેશભાઈ સેકટર-૩૦ ખાતે મુખ્ય શોંપીગ સેન્ટરમાં દુકાન નં.૧૪ માં બ્રહ્માણી પાન મંદિર નામની દુકાનમાં વેપાર કરે છે. સવારે સાડા છ થી રાત્રીના આશરે સાડાનવ વાગ્યાનો છે. ગત તા.૬ ના રોજ સાંજના ૬ વાગ્યાના અરસામાં સામાજીક કામઅર્થે બહાર જવાનું સાંજના ૬ વાગે દુકાને તાળુ મારી ઘરે ગયા હતા અને બીજા દિવસે સવારે દુકાન પર જતા જાણ થઈ કે શટર ખુલ્લી હાલતમાં હતું. અને લોક તુટેલી હાલતમાં હતું. જેથી વેપારીએ અંદર જઈ તપાસ કરતા દુકાનમાં વેચાણ માટે લાવેલો સામાન ત્રણ કીલો સોપારી, ૧૫ પેકેટ ગોલ્ડ ફલેક સિગારેટ, ૩ પેકેટ કલાસીક માઈલ્ડ, એડવાન્સ સીગારેટ, ગોલ્ડ ફલેક લાઈટ અને ૧૦ પેકેટ વિલ્સ મળી કુલ રૂ.૭,૧૨૫ રુપીયાનો સામાન ચોરી થતા ફરીયાદ નોધાઈ છે.

## ચંદ્રાલા પાસે બસમાંથી એક લાખથી વધુની દારૂની ૪૦ બોટલ ઝડપાઈ

ગાંધીનગર, તા.૭

ચંદ્રાલા નાકા પોઈન્ટ પરથી વાહન ચેકીંગ દરમિયાન ટ્રાવેલ્સની બસમાંથી રૂ.૧,૧૪,૧૬૦ ની મોંઘીદાટ બ્રાન્ડની વિદેશી દારૂની ૪૦ બોટલ સાથે બે યુવકોને ચિલોડા પોલીસે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ચિલોડા પોલીસ મથકના જવાનો ચંદ્રાલા નાકા પોઈન્ટ પર વાહન ચેંકીગની કામગીરી કરી રહ્યા હતા. તે દરમિયાન રાજસ્થાન તરફથી આવી રહેલી લકઝરી બસને સાઈડમાં ઉભી રખાવી હતી. પોલીસે મુસાફરોના સામાન ચેક કર્યા હતા. ત્યારબાદ પોલીસે બસમાં ચેક કરતા હાઈ બ્રાન્ડની વિદેશી બનાવટની રૂ.૧.૧૪,૧૬૦ ની કિંમતની ૪૦ બોટલ દારૂ, તેમજ ૨ મોબાઈલ કિં.૨૦ હજાર મળી કુલ રૂ. ૧,૩૪,૧૬૦ ના મુદ્દામાલ સાથે શ્યામ પ્રતાપસિંગ રાજેન્દ્રસિંગ રઘુનાથસિંગ રાઠોડ (ઉં.૨૫) તેમજ ઉપેન્દ્રસિંગ શરવણસિંગ ઉમેદસિંગ રાઠોડ(ઉં.૩૦ રહે, મકાન નં. ૩૭૨ ઈ બ્લોક, વૈશાલીનગર જયપુર રાજસ્થાન) ને પકડી પાડી પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.





સેક્ટર-૫ની ફરતે કમ્પાઉન્ડ વોલ બનાવવામાં આવી છે. આ કમ્પાઉન્ડ વોલને ક્યાંક ક્યાંકથી તોડી નાંખવામાં આવી છે. સેક્ટર-૫-સી એમઆરએફ ટાયરની બાજુમાં આવેલી કમ્પાઉન્ડ વોલને તોડી નાંખવામાં આવી છે. બાજુમાં જ ચાની કીટલી ધમધમી રહી છે.

## મગોડી પી.આર. ઠક્કર વિદ્યાવિહારનું એસ.એસ.સી.નું ૮૦ ટકા પરિણામ

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર તાલુકાની મગોડી સ્થિત મોન્ટેકાર્લો શિક્ષણ સંકુલમાં પી.આર. ઠક્કર વિદ્યાવિહાર અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાનું ધોરણ ૧૨નું પરિણામ સતત ત્રીજા વર્ષે ૧૦૦ ટકા આવ્યું હતું. જયારે માર્ચ-૨૦૨૨માં લેવાયેલી એસ.એસ.સી.ની બોર્ડની પરીક્ષામાં ૭૪માંથી ૫૯ વિદ્યાર્થીઓ પાસ થતાં શાળાનું પરિણામ ૭૯.૭૨ ટકા આવ્યું છે. આ એસ.એસ.સી. પરીક્ષાનું મગોડી સેન્ટરનું ૭૫.૬૬ ટકા જયારે બોર્ડનું પરિણામ ૬૫.૧૮ ટકા આવેલું છે. જયારે ગાંધીનગર જિલ્લાનું ૬૫.૮૩ ટકા પરિણામ આવ્યું છે. આ ઉપરાંત શાળાની વિદ્યાર્થીની એસ.એસ.સી. બોર્ડની પરીક્ષામાં ઠાકોર રોશનીબેન મોહનભાઈએ ૬૦૦માંથી ૫૫૮ ગુણ મેળવી ૯૩ ટકા અને પર્સન્ટાઈલ ૯૯.૩૬ મેળવી શાળામાં પ્રથમ નંબરે ઉત્તીર્ણ થઈ છે. બીજા નંબરે બિહોલા પ્રિયાંશી પ્રવિણસિંહે ૬૦૦માંથી ૫૪૩ ગુણ એટલે ૯૦.૦૫ ટકા અને ૯૮.૪૬ પર્સેન્ટાઈલ રેન્ક મેળવી શાળાનું તેમજ ગામનું ગૌરવ વધારેલ છે. સતત નવમા વર્ષે ઉચ્ચ પરિવાર પ્રાપ્ત



કરી ગાંધીનગર જિલ્લામાં મગોડી હાઈસ્કૂલનું નામ રોશન કરવા બદલ તમામ વિદ્યાર્થીઓને મંડળીના પ્રમુખ તેમજ શાળાના આચાર્ય મનુભાઈ પ્રજાપતિએ અભિનંદન પાઠવ્યા હતા.

## ઝુલેલાલ મંદિર પાસે વિદ્યાર્થીનીને યુવકે લાફા મારી જાનથી મારી નાંખવાની ધમકી આપી

ગાંધીનગર,તા.૭

ગાંધીનગર શહેરના સેકટર-૩૦ ઝુલેલાલ મંદિર પાસે મારામારીની ઘટના સામે આવી છે.જેમાં એક વિદ્યાર્થીનીને એક યુવકે લાફા મારી જાનથી મારી નાંખવાની ધમકી આપતા સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે. વિદ્યાર્થીનીને આ યુવક સાથે મિત્રતા હતી, જે પિતાને ખબર પડી ગઈ હતી જેથી મિત્રતા નહી રાખવાનું કહેતા વિદ્યાથીનીએ આ યુવકને આપેલ ગીફટ પરત લેવા માટે ગઈ હતી. તે સમયે ઉશ્કેરાયેલા યુવકે વિદ્યાર્થીનીને માર માર્યો હતો.

સુત્રો દ્વારા મળતીવિગત મુજબ વિદ્યાર્થીના પિતાએ સેકટર-૬ ખાતે રહેતા યુવક સામે ફરીયાદ નોંધાવી છે. જેમાં વિદ્યાર્થીની ધોરણ-૧૦માં અભ્યાસ કરે છે. તેને ઉપરોકત યુવક સાથે મિત્રતા થઈ હતી. જે અંગે વિદ્યાર્થીના પિતા એ પોતાની દિકરીને આ યુવક સાથે મિત્રતા નહી રાખવા માટે જણાવ્યુ હતું. આ દરમિયાન યુવકનો વિદ્યાર્થીની પર ફોન આવ્યો હતો અને તેને મળવા માટે ઝુલેલાલ મંદિરે પહોંચી હતી.જયાં તેણીએ યુવકને અગાઉ આપેલા કીચનની ગીફટ પરત માંગી હતી. હવે પછી મિત્રતા નહી રાખવાનું જણાવતા શખ્સ ઉશ્કેરાયો હતો. અને તેણે વિદ્યાર્થીનીને લાફા મારી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. જે અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

● રાજ્ય સરકારના શ્રમ વિભાગ દ્વારા લઘુત્તમ વેતનના દર સુધારણાની કવાયત તેજ કરવામાં આવી છે.

● આજે મંગળવારનો દિવસ ધારાસભ્યો માટે હોવા તાં સ્વર્ણિમ સંકુલમાં ધારાસભ્યોની હાજરી નહિવત્ જણાઈ હતી.

● ગાંધીનગર શહેરમાં આજે ટ્રાફિકનું ભારણ પણ ઓછુ રહ્યું હતું.

● ગાંધીનગર જિલ્લા બાળ સુરક્ષા સમિતિની બેઠક ૧૫મીએ જિલ્લા પંચાયત પ્રમુખના અધ્યક્ષસ્થાને મળશે.

● મહાત્મા મંદિર ખાતે આઝાદી કા અમૃત મહોત્સવનો મેગા શો યોજવામાં આવશે.

● દહેગામના કડિયાવાસમાં યોજાયેલ બાળલગ્ન પ્રતિબંધિત અધિકારીએ તપાસ કરી બે કન્યાના બાળ લગ્ન કરાવનાર માતા-પિતાને નોટીસ આપવામાં આવી છે.

● કલોલ પાનસર રોડ પર એક મહિલાના દોરાની તડફંચીની ઘટનાને લઈ સમગ્ર પંથકમાં ભયની લાગણી વ્યાપી ગઈ છે.

● કૃષિમાં સમાનદરથી વીજ આપવા મુદ્દે ભા. કિસાન સંઘ દ્વારા હવે આંદોલન કરવામાં આવશે.

● ગાંધીનગર શહેરમાં ચોમાસાના આરંભ પૂર્વે પ્રી. મોન્સુન કામગીરી પૂર્ણ કરવામાં આવે તેવી સૂચના મ્યુનિ. કમિશનરે આપી છે.

● આજે વિશ્વ બ્રેઈન ટ્યુમર ડે છે.

## ત્રણ શહેરના ગુન્હામાં નાસતા ફરતા આરોપીને સેક્ટર-૭ પોલીસે ઝડપી પાડયો

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર જિલ્લાના માણસા, ઉંઝા અને વડોદરા શહેર પોલીસ મથકમાં નોંધાયેલા ગુન્હામાં નાસતા ફરતા આરોપીને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર રેન્જ આઈજી અભય ચુડાસમા, ગાંધીનગર જિલ્લા પોલીસ વડા તરૂણ દુગ્ગલ દ્વારા નાસતા-ફરતા આરોપીઓ અંગે સખત પેટ્રોલીંગ કરી પરિણામ લક્ષી કામગીરી કરવા સુચના આપી હતી. જે અન્વયે સેકટર-૭ પોલીસ મથકના પીઆઈ ડી.એ.ચૌધરીએ સર્વેલન્સ ટીમના પીએસઆઈ એચ.એ.સોલંકી તેમજ સ્ટાફને પોલીસ મથક વિસ્તારમાં સઘન પેટ્રોલીંગ હાથ ધર્યું હતું.તે સમયે હે.કો.રવિકુમાર અને ધર્મેન્દ્રસિંહને બાતમી મળી હતી કે માણસા, ઉંઝા અને વડોદરા પોલીસ મથકે નોંધાયેલા છે. ત્યારે ત્રણ ગુનામાં નાસતા-ફરતા આરોપી વિજયસિંહ ગજેસિંહ સોલંકી (રહે.સેકટર-૫ બી પ્લોટ નં.૧૫૪૬-૨) ને પકડી પાડી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## શિક્ષકોના વર્ષો જુના પ્રશ્નોના ઉકેલ લાવવા બદલ રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા સન્માનનો કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા. ૭

રાજયના શિક્ષકોના વર્ષો જુના પ્રશ્નોના એક સાથે ઉકેલ લાવી ઐતિહાસિક નિર્ણય કરવા બદલ આજે રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાત (માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક તથા આચાર્ય સંવર્ગ)ના હોદ્દેદારો તેમજ વિવિધ જિલ્લાઓમાંથી આવેલા શિક્ષકો દ્વારા સ્વર્ણિમ સંકુલ ૧ ખાતે રાજયના શિક્ષણમંત્રી જીતુભાઈ વાઘાણી, નાણાં મંત્રી કનુભાઈ દેસાઈ તથા શિક્ષણ રાજયમંત્રી કુબેરભાઈ ડિંડોરનું મોમેન્ટો, શાલ, પુસ્તક તેમજ પુષ્પ ગુચ્છથી સન્માન કરવામાં આવ્યું હતું.

આ સન્માન કાર્યક્રમ અવસરે શિક્ષણમંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું કે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ અને નાણાંમંત્રી કનુભાઈ પટેલના હકારાત્મક અભિગમને કારણે માધ્યમિક સંવર્ગના ૨૫ થી ૩૦ વર્ષ જૂના પડતર પ્રશ્નનો ઉકેલ લાવવામાં સફળતા મળી છે. શિક્ષકો-અમારો પરિવાર છે અને પરિવારના વાજબી તમામ પ્રશ્નનો ઉકેલ લાવવો અમારી જવાબદારી છે. શિક્ષકોના વિવિધ પડતર પ્રશ્નોના નિરાકરણ માટે લેવાયેલા આ નિર્ણયથી રૂ. ૪૦૦ કરોડનો વધારાનો બોજ વહન કરવો પડશે, જો કે ગુજરાતનું આવતીકાલનું ભવિષ્ય એવા વિદ્યાર્થીઓને જ્ઞાન-શિક્ષણ આપતા રાજયના લાખો શિક્ષકો અને તેમના પરિવારને જે લાભ થશે તે અકલ્પનીય હશે. આ નિર્ણયથી માત્ર શિક્ષકોને જ નહિ વિદ્યાર્થીઓને પણ ફાયદો થશે. રાજયના શિક્ષકોની ઘટ દૂર થતાં ક્વોલિટી એજ્યુકેશન મળતું થશે.

મંત્રીએ ઉમેર્યુ કે કોઈપણ સમસ્યાનું સમાધાન-એ દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી તેમજ કેન્દ્રિય ગૃહમંત્રી અમિતભાઈ શાહની કાર્યપ્રણાલી રહી છે. તેમની આ જ કાર્યપ્રણાલી અપનાવીને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ ચાલતી આ સરકાર હજુપણ કોઈ નાની-મોટી સમસ્યાઓ હશે તો સંવાદ કરીને તેને દૂર કરવા પ્રયત્ન કરશે.

### ગુજરાત બાયોટેકનોલોજી યુનિવર્સિટી ખાતે

## "બાયોટેકનોલોજીમાં કારકિર્દીના માર્ગો" પર ઓપન ડે કાર્યક્રમ સંપન્ન

**સમગ્ર ભારતમાંથી ૩૦૦થી વધુ વિદ્યાર્થીઓ કાર્યક્રમમાં સહભાગી થયા**

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર, ગુજરાત બાયોટેકનોલોજી યુનિવર્સિટી (જીબીયુ), વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ, ગુજરાત રાજય ખાતે બાયોટેકનોલોજીમાં એમ.એસ.સી. કરવા ઈચ્છતા સ્નાતક વિદ્યાર્થીઓ માટે ૩ જુન, ૨૦૨૨ના રોજ "બાયોટેકનોલોજીમાં કારકિર્દીના માર્ગો" પર ઓપન ડે ઈવેન્ટનું સફળતાપૂર્વક ઓનલાઈન તથા ઓફલાઈન આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં દેશના વિવિધ રાજયોમાંથી ૩૦૦થી વધુ વિદ્યાર્થીઓએ સહભાગી થઈ શિક્ષણ અને ઉદ્યોગજગતના નિષ્ણાતો પાસેથી માર્ગદર્શન મેળવ્યું હતુ. આ મેગા ઈવેન્ટમાં ટોચની શૈક્ષણિક સંસ્થાઓ અને અગ્રણી વૈશ્વિક બાયોટેકનોલોજીકલ ઉદ્યોગોના રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય નિષ્ણાતો એકમંચ થયા હતા. વિદ્યાર્થીઓએ જીબીયુ અને યુનિવર્સિટી ઓફ એડિનબર્ગ, યુકે વચ્ચે બાયોટેકનોલોજી સંશોધન, કારકિર્દીના વિવિધ માર્ગો અને વિદ્યાર્થી વિનિમય કાર્યક્રમો વિશે ઊંડાણપૂર્વક ચર્ચા કરી, ફેકલ્ટી સભ્યોએ જીબીયુના વિવિધ અભ્યાસક્રમ, શિક્ષણ શાસ્ત્ર અને સંશોધન ક્ષેત્રો પર માહિતી પૂરી પાડી હતી. આ ઈવેન્ટને વિદ્યાર્થીઓ અને સહભાગીઓ દ્વારા ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો હતો. વિદ્યાર્થીઓએ જીબીયુ ખાતે અત્યાધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને બાયોટેકનોલોજી લેબોરેટરીની મુલાકાત લીધી હતી. લેવાની કાર્યક્રમમાં બાયોટેકનોલોજીને લગતા કોર્સમાં સ્નાતક થયેલ વિદ્યાર્થીઓને જી.બી.યુ. ખાતે ચાલતા બાયોટેકનોલોજીના અનુસ્નાતક કોર્સ વિશે માહિતગાર કરાયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે રાજય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૮માં સ્થપાયેલ ગુજરાત બાયોટેકનોલોજી યુનિવર્સિટી નવીનતા કેન્દ્રિત યુનિવર્સિટી છે, જે સામાજિક પડકારોને સંબોધવા માટેના સંશોધન આધારિત અનુસ્નાતક અને ડૉકટરલ અભ્યાસક્રમો ચલાવે છે. જી.બી.યુ.એ યુનિક અભ્યાસક્રમ અને અનુવાદાત્મક સંશોધન વિકસાવવા માટે યુનિવર્સિટી ઓફ એડિનબર્ગ, યુકે સાથે ભાગીદારી પણ કરી છે.

**ગુજરાત સરકાર**

**નર્મદા જળસંપતિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**

**ઓનલાઈન ટેન્ડર, જાહેર નિવિદા નં.૦૨ વર્ષ ૨૦૨૨-૨૦૨૩**

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી કાર્યપાલક ઈજનેરશ્રી, કાંસ વિભાગ, સ્ટેટ વૉટર ડેટા સેન્ટર બિલ્ડીંગ, સેક્ટર-૮, ગાંધીનગર-૩૮૨૦૦૮ (ફોન નં. ૦૭૯-૨૩૨૪૮૦૦૬)ની કચેરી દ્વારા ગુજરાત રાજ્યના માર્ગ અને મકાન વિભાગ તેમજ નર્મદા જળસંપતિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગમાં યોગ્ય શ્રેણીમાં નોંધાયેલા માન્ય ઈજારદારશ્રીઓ પાસેથી અત્રેની વિભાગ હસ્તક કરવાના થતાં જુદી જુદી આઈટમોના વાર્ષિક ભાવ માટે ઓનલાઈન ભાવો માંગવામાં આવે છે.

| અનું | કામનું નામ | અંદાજીત રકમ (રૂ.માં) | ૧) બાનાની રકમ<br>૨) ટેન્ડર ફી રૂ.<br>૩) સમય મર્યાદા<br>૪) રજીસ્ટ્રેશન |
|---|---|---|---|
| ૧ | General Item Rate (yearly) for theVarious Emergency Work under the Jurisdiction of Drainage Division Gandhinagar | - | ૧) રૂ. ૨,૦૦,૦૦૦/-<br>૨) રૂ. ૬૦૦/-<br>૩) ૧૨ માસ<br>૪) 'ઈ-૨' અને ઉપરની શ્રેણી |

(૧) ટેન્ડરના દસ્તાવેજો વેબસાઈટ www.nwr.nprocure.com ઉપરથી તા. ૭/૬/૨૦૨૨ થી તા. ૨૧/૬/૨૦૨૨ સમય ૧૮.૦૦ કલાક સુધી ડાઉનલોડ / અપલોડ કરી શકાશે.
(૨) ટેન્ડર ડોક્યુમેન્ટ ટેન્ડર ફી, અને ઈ.એમ.ડી. (૩૬૫ દિવસની મુદતની કાર્યપાલક ઈજનેર, કાંસ વિભાગ, ગાંધીનગરના નામની અવશ્ય જોડવી) રજી.પો.એ.ડી. / સ્પીડ પોસ્ટ / કુરીયરથી તા. ૨૨/૬/૨૦૨૨ થી તા. ૨૮/૬/૨૦૨૨ સમય ૧૬.૦૦ કલાક સુધી સ્વીકારવામાં આવશે.
(૩) ઓનલાઈન પ્રાયમરી બીડ ઓપનીંગ તા. ૨૨/૬/૨૦૨૨ના રોજ ૧૨.૦૦ કલાકે અને પ્રાઈસબીડ ઓપનીંગ તા. ૨૨/૬/૨૦૨૨ના રોજ ૧૨.૩૦ કલાકે ખોલવામાં આવશે. (જો શક્ય હશે તો) (ફક્ત ક્વોલીફાય થયેલ બીડરો માટે)
વધુ માહિતી વેબસાઈટ www.nwr.nprocure.com પરથી મેળવી શકાશે.
● કવર પર કામનું નામ તથા ટેન્ડર આઈ.ડી. અવશ્ય લખવાનો રહેશે.

માહિતી/૫૩૩/૨૨-૨૩